# અમીત શાહનો વિક્રમી સરસાઈ સાથે ભવ્ય વિજય

**પ્રથમ રાઉન્ડથી જ અમીત શાહે કોંગ્રેસ પર સરસાઈ પ્રાપ્ત કરી હતી : ઘાટલોડિયા-સાબરમતીમાં વિક્રમી સરસાઈ મેળવી; ગાંધીનગર (ઉ)માં પણ ચાવડા પર સરસાઈ મેળવી; ડો. ચાવડાએ એકલ દોકલ રાઉન્ડમાં શાહ પર સરસાઈ મેળવી પણ વિજય રથ રોકી ના શક્યા**







ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર સંસદીય મતવિસ્તારની આજે યોજાયેલ મતગણતરીમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમીત શાહ ૫,૫૫,૧૪૬ મતે વિજયી જાહેર કરાયા છે. અમીત શાહે આજે આ બેઠક પર મેળવેલ સરસાઈ એ સૌથી મોટી સરસાઈ છે અને વિક્રમજનક છે.

આજે સવારે ૮ વાગે મતગણતરીનો આરંભ થયો હતો અને શરૂઆતથી જ અમીત શાહે તેમના નજીકના પ્રતિસ્પર્ધી કોંગ્રેસના ડૉ. સી.જે. ચાવડા પર સરસાઈ પ્રાપ્ત કરી લીધી હતી. સાણંદ અને વેજલપુરના એક બે રાઉન્ડમાં ડૉ. ચાવડાએ ભાજપ પર સરસાઈ મેળવી હતી પરંતુ તે વિજયરથને અટકાવી શકી ન હતી.

અમીત શાહે ઘાટલોડિયા, સાબરમતી વિધાનસભા મતવિસ્તારમાં એક લાખ કરતાં વધુ સરસાઈ પ્રાપ્ત કરી હતી. ઘાટલોડિયા બેઠક પર તેમણે ૧ લાખ ૭૫ હજાર કરતાં વધુની સરસાઈ પ્રાપ્ત કરી હતી.

તેમના પોતાના વિસ્તાર નારણપુરામાં ૯૩ હજારથી વધુ મતોની સરસાઈ પ્રાપ્ત કરી હતી જ્યારે ગાંધીનગર (ઉ)નું વિધાનસભામાં પ્રતિનિધિત્વ કરી રહેલ ડૉ. સી.જે. ચાવડાને તેમના મતવિસ્તારમાં જ ૨૬ હજાર કરતાં વધુ મતે પાછળ ધકેલી દીધા હતા. કલોલ વિધાનસભા મત વિસ્તારમાં તેમણે ૩૫ હજારથી વધુ તો સાણંદમાંથી ૬૩ હજાર કરતાં વધુ મતની સરસાઈ પ્રાપ્ત કરી હતી.

કોંગીના ડૉ. ચાવડાએ ગાંધીનગર (ઉ) બેઠક પર ૫૬,૩૨૦ મત મેળવ્યા હતા

● અનુસંધાન પાન-૫ પર

## અમીત શાહ અને સ્મૃતિ ઈરાની રાજ્યસભાનું સભ્યપદ છોડશે ?

ગાંધીનગર, તા. ૨૩

૧૭મી લોકસભાની ચૂંટણીના પરિણામો જાહેર થયા બાદ હવે ગુજરાતમાંથી રાજ્યસભામાં પ્રતિનિધિત્વ કરતા અમીત શાહ અને સ્મૃતિ ઈરાની રાજ્યસભા છોડશે તેવું ચિત્ર ઉપસી રહ્યું છે.

અમીત શાહે કોંગ્રેસના ડૉ. સી.જે. ચાવડાને ૫ લાખ ૫૫ હજારથી વધુ મતોએ પરાજય આપ્યો છે તો સ્મૃતિ ઈરાનીએ અમેઠીમાં કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીને પરાજય આપી જાયન્ટ કિલરનું બિરૂદ મેળવ્યુ છે. આ બન્ને સભ્યો રાજ્યસભામાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે અને ૨૦૧૭માં જ વિજયી થઈ રાજ્યસભામાં ગયા છે.

આ બન્ને સભ્યો રાજ્યસભાના સભ્યપદેથી રાજીનામુ આપશે તો રાજ્યસભાની પેટા ચૂંટણી યોજાશે અને બન્ને બેઠકો પર ભાજપના ઉમેદવારો જ વિજયી થશે.

આજે મતગણતરી દરમ્યાન આ બન્ને આગેવાનો રાજ્યસભાનું સભ્યપદ છોડશે તેવી ચર્ચાઓ થતી સાંભળવા મળી હતી.



## અમિત શાહની ભવ્ય જીતની ઉજવણી

**મતગણતરી કેન્દ્રની બહાર અને ઘ-૪ સર્કલે કાર્યકરોએ ભવ્ય આતશબાજી કરી, ડીજેના તાલે મહિલા કાર્યકરોએ ગરબે ઘુમ્યા તો યુવા કાર્યકરો ડાન્સ કરી ઝુમી ઉઠ્યા**

ગાંધીનગર લોકસભાના ઉમેદવાર ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ વિજેતા બનતા જ બપોરના સુમારે મતગણતરી કેન્દ્રની બહાર પૂર્વ મંત્રી શંકરભાઈ ચૌધરી સહિત કાર્યકરો ઝુમી ઉઠ્યા હતા. કાર્યકરોએ અબીલ ગુલાલની છોળો ઉડાડી, ફટાકડા ફોડી, નાસિક ઢોલના સથવારે અને ડી.જે. મ્યુઝીકના તાલે ઝુમી ઉઠ્યા હતા. મતગણતરી કેન્દ્રની બહાર ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિતભાઈ શાહ લાખોની લીડથી વિજય થતા કાર્યકરોમાં અનોખો માહોલ જોવા મળ્યો હતો. સવારથી કાર્યકરો મતગણતરી કેન્દ્રની આસપાસ ગોઠવાઈ ગયા હતા. જીતની ખુશીમાં કાર્યકરોએ એકબીજાને મીઠાઈ ખવડાવીને મો મીઠું કરાવ્યું હતું. એનડીએની જંગી બહુમતી આવતા કાર્યકરોમાં અનોખો આનંદ છવાયો હતો. જયારે શહેરના ઘ-૪ સર્કલ ખાતે સાંજના સુમારે ગાંધીનગર મહાનગર ભાજપના હજ્જારો કાર્યકરો ઉમટી પડ્યા હતા અને જોરદાર આતશબાજી કરી હતી. જયારે ડી.જે.ના તાલે મહિલા કાર્યકરો ગરબે ઘુમ્યા હતા. તો બીજીતરફ યુવા કાર્યકરોએ સંગીતના સથવારે ડાન્સ કરી ઝુમી ઉઠ્યા હતા અને ભાજપના ભવ્ય જીતની ઉજવણી કરી હતી. જયારે સૌ કાર્યકરો એકઠા થઈ સર્કલની પ્રદક્ષિણા કરી હતી. જયારે કાર્યકરોએ વિવિધ સુત્રોચ્ચાર કરતા વાતાવરણમાં અનોખો માહોલ જોવા મળ્યો હતો. જયારે કાર્યકરો દ્વારા ભાજપના ઝંડા મોટીસંખ્યામાં લહેરાતા ઘ-૪ પાસે કેસરીયો માહોલ સર્જાયો હતો. આતશબાજી



નિહાળવા નગરજનો પણ મોટીસંખ્યામાં આવ્યા હતા.જયારે કાર્યકરોએ જીતની ખુશીમાં મીઠાઈ ખવડાવી મો મીઠું કરાવ્યું હતું અને શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે શહેરના મેયર રીટાબેન પટેલ, શહેર ભાજપ પ્રમુખ મહેન્દ્ર દાસ, પૂર્વ ધારાસભ્ય અશોક પટેલ, પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા, કોર્પોરેટર, મહિલા મોરચો, યુવા મોરચો, સહિતના કાર્યકરો ભાઈ બહેનો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.


શ્રદ્ધાંજલિ



ધર્મેશ (રાજુ)
સ્વર્ગવાસ તા. ૨૪-૫-૨૦૧૦

મરણ અહિં છો રહ્યું...
સ્મરણમાં વહે જીંદગી...

દેવેન્દ્ર હંસરાજભાઈ ડુંગાણી પરિવાર
ગાંધીનગર


## વિધાનસભામાં ૬ હજારની સરસાઈ મેળવનાર ચાવડા ગાંધીનગર (ઉ)માં ૨૯૬૯૨ મતથી પાછળ

**રાષ્ટ્રીય નેતા ચુંટણી મેદાનમાં હોવાથી પદભ્રષ્ટ થવાના ડરે ભાજપના સ્થાનિક નેતાઓ ખુબ મહેનત કરી છે : ડો સી જે ચાવડા**

ગાંધીનગર તા ૨૩

લોકસભાની ચુંટણીમાં ગાંધીનગરની પ્રતિષ્ઠાભરી બેઠકને અનુલક્ષી સવારથી જ મતોના આંકડા તરફ સૌ કોઈની મીટ મંડરાઈ હતી. ભાજપના રાષ્ટ્રીય નેતાએ અપેક્ષિત લીડ હાંસલ કરી વિજય મેળવ્યો હતો. જયારે કોંગ્રેસના ડો સી જે ચાવડાએ વિધાનસભાની ચુંટણીમાં ૬ હજાર મતથી જયાં વિજય હાંસલ કર્યો હતો ત્યાં લોકસભાની ચુંટણીમાં ઉત્તરની બેઠકના વિસ્તારમાં જ ૨૯૬૯૨ મતોથી પાછળ રહ્યા હતા.

લોકસભાની ચુંટણીનુ આજે પરિણામ જાહેર થતા સવારથી જ ભાજપ મોટાભાગની બેઠકો પર આગળ રહેતા પક્ષના કાર્યકરો તેમજ નેતાઓમાં ઉત્સાહનુ મોજુ ફરી વળ્યુ હતુ. મત ગણતરીની શરૂઆતથી જ ગાંધીનગર બેઠક પરના મતોના આંકડા પર સૌ કોઈની મીટ મંડરાઈ હતી. ભાજપના રાષ્ટ્રીય નેતા આ બેઠક પરથી ચુંટણી મેદાનમાં ઉતર્યા હોવાથી તેમને કેટલી સરસાઈ મળશે તે અંગે પણ અનેક તર્ક વિતર્કો આજે સવાર સુધી ચર્ચા સ્થાને હતા. પરંતુ ચુંટણી પરિણામની જાહેર થતાની સાથે જ અમિત શાહ કોંગ્રેસના પ્રતિસ્પર્ધી ડો સી જે ચાવડા થી પ્રથમ રાઉન્ડથી જ આગળ રહેતા અપેક્ષિત લીડ સાથે વિજય હાંસલ કરશે તેમ પણ સ્પષ્ટ થઈ ગયુ હતુ. જયારે મતગણતરીના અંતે ભાજપના અધ્યક્ષ અમિત શાહ ૫.૩૩ લાખની સરસાઈથી વિજેતા જાહેર થતા ગત લોકસભાની ચુંટણીમાં સરસાઈનો રેકર્ડ પણ તેમણે તોડી નાંખ્યો હતો. ગત લોકસભાની ચુંટણીમાં ભાજપે આ બેઠક પરથી ૪.૫૮ લાખની સરસાઈ મેળવી હતી. બીજીતરફ ગાંધીનગર વિધાનસભાની ચુંટણી ૬ હજાર મતથી જીતનાર કોંગ્રેસના ઉમેદવાર ડો સી જે ચાવડા લોકસભાની ચુંટણીમાં ગાંધીનગર ઉત્તરની બેઠક પરથી ૨૯૬૯૨ મતથી પાછળ રહ્યા છે. આ અંગે કોંગ્રેસના ઉમેદવાર ડો સી જે ચાવડાએ અમિત શાહને જીતના અભિનંદન આપતા જણાંવ્યુ હતુ કે ધારાસભ્ય તરીકે વિકાસના કામોને વેગ આપવા તરફ વધુ ધ્યાન કેન્દ્રીત કરીશુ. સંગઠનને મજબુત કરવા માટે પ્રાયસ કરીશુ. ભાજપના રાષ્ટ્રીય નેતા આ બેઠક પરથી ચુંટણી લડતા હોવાથી સ્થાનિક નેતાઓ પણ પદભ્રષ્ટ થવાની બીકે જીજાનથી કામે લાગી ગયા હતા જેના લીધે ગામોમાંથી પણ મતો કપાયા છે.

### ● પોષ્ટલ બેલેટમાં પણ અમીત શાહની સરસાઈ

ગાંધીનગર સંસદીય મતવિસ્તારની આજે થયેલ મતગણતરીમાં પોષ્ટલ બેલેટથી મળેલા મતોમાં અમીત શાહે કોંગ્રેસના ઉમેદવાર સી.જે. ચાવડા પર સરસાઈ પ્રાપ્ત કરી હતી.

અમીત શાહને ૪૬૯૯ મત મળ્યા હતા તો ડૉ. ચાવડાને ૩૫૨૮ મત મળ્યા હતા. આ મતદાનની ગણતરીમાં ૧૭૩૬ મત રદ જાહેર કરાયા હતા તો ૨૩૦ મતદારોએ નોટાને મત આપ્યો હતો.

### ● સાતેય બેઠક પર નોટાને ૧૪,૨૧૪ મત

આજની મતગણતરીમાં ૧૪,૨૧૪ મત નોટાને મળ્યા હતા. જેમાં ઘાટલોડિયામાં ૩૬૮૦, વેજલપુરમાં ૨૫૦૨, ગાંધીનગર(ઉ)માં ૧૭૨૯, સાબરમતીમાં ૧૫૨૫, સાણંદમાં ૧૪૩૬, કલોલમાં ૧૨૭૪ અને નારણપુરામાં ૧૮૩૮ મત નોટાને મળ્યા હતા.

## રાજ્યમાં અમિત શાહ સહિત ૧૦ નવા ચહેરા ચૂંટાઈ આવ્યા

**બીજી ટર્મમાં ચૂંટાયેલ સાંસદોની સંખ્યા ૧૧ થઇ : સીઆર પાટીલ સહિતના ૪ સાંસદો ચાર ટર્મથી ચૂંટાઈ રહ્યા છે**

ગાંધીનગર, તા. ૨૩

આજે ગુજરાતની તમામ ૨૬ બેઠકો પર ભાજપનો જબરદસ્ત અને ઐતિહાસિક વિજય થયો છે. જેમાં ભાજપના સાંસદો અને નવા નિશાળીયાનો પણ નોંધનીય દબદબો રહ્યો હોવાનું સામે આવ્યું હતું. ખાસ કરીને અમિત શાહ સહિતના ૧૧ નવા નિશાળીયા પહેલા જ ધડાકે લોકસભાની ચૂંટણીમાં સૌપ્રથમવાર ચૂંટાઈ આવ્યા હતા. તો અન્ય સાંસદોએ બે થી ચાર ટર્મ સુધી સતત ચૂંટાવાનો રેકોર્ડ કર્યો હતો. જેમાં મોસ્ટ સિનિયર સાંસદ તરીકે ભરૂચના મનસુખ વસાવા બન્યા છે. મનસુખ વસાવા ગુજરાતની લોકસભાની ભરૂચ બેઠક પરથી ૧૯૯૮થી લઈ ૨૦૧૯ સુધી સતત છ વાર વિજયી બન્યા છે. જ્યારે સી.આર.પાટીલ સહિતના ચાર સાંસદો ચાર ટર્મથી ચૂંટાઈ રહ્યા છે. તો, સતત બીજી ટર્મમાં ચૂંટાયેલા સાંસદોની સંખ્યા ૧૧ ની થઈ છે. બીજીબાજુ, આ વખતની ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં પ્રથમ વાર ચૂંટણી જંગ જીતેલા ૧૦ સાંસદો બન્યા છે. આ રસપ્રદ ઈતિહાસ જોઈએ તો, દક્ષિણ ગુજરાતના નવસારીના સી.આર.પાટીલ, સુરતના દર્શના જરદોશ, અમદાવાદ(પશ્ચિમ)ના કિરીટ સોલંકી અને અમરેલીના નારણ કાછડીયા ત્રીજી ટર્મમાં વિજેતા થયા છે, તેમજ બીજી ટર્મમાં દાહોદના જશવંતસિંહ ભાભોર, સાબરકાંઠાના દીપસિંહ રાઠોડ, ખેડાના દેવુસિંહ ચૌહાણ, જૂનાગઢના રાજેશ ચુડાસમા, ભાવનગરના ભારતીબહેન શિયાળ, બારડોલીના પ્રભુ વસાવા, જામનગરના પૂનમ માડમ, વડોદરાના રંજનબહેન ભટ્ટ, રાજકોટના મોહન કુંડારિયા, કચ્છના વિનોદ ચાવડા, વલસાડના કે.સી.પટેલ ચૂંટાઈ આવ્યા છે. તેમજ ખેરાલુના

● અનુસંધાન પાન-૫ પર


દાંડી કુટિર - ધ ગાંધી મ્યુઝિયમ
DANDI KUTIR The Gandhi Museum
મહાત્મા મંદિર, ગાંધીનગર, ગુજરાત
વિશ્વવિભૂતિ મહાત્મા ગાંધીના જીવન પર આધારિત વિશ્વનું સૌથી મોટું વિશાળ મ્યુઝિયમ ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં.....
82 મિનિટના અભૂતપૂર્વ મલ્ટીમીડિયા પ્રદર્શનનો રોમાંચક અનુભવ :
● ૧૪થી વધુ અત્યાધુનિક ટેક્નોલોજી સાથે વૈવિધ્યપૂર્ણ રજૂઆતો
પરિવાર, મિત્રો અને સબંધીઓ સાથે મુલાકાત લેવાનું અદભુત સ્થળ
અમદાવાદથી માત્ર ૨૦ મિનિટનાં અંતરે.
આજે જ મુલાકાત લો
મંગળવાર થી રવિવાર | સવારે ૧૦.૩૦ કલાકે થી સાંજે ૫.૦૦ કલાક | (સોમવારે બંધ રહેશે)
દાંડી કુટિર, મહાત્મા મંદિર, ગાંધીનગર : ૩૮૨૦૧૬, ગુજરાત, ભારત.
info@dandi-kutir.com | www.dandi-kutir.com | 079 232 55793
Government of Gujarat
રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ
પુરાતત્વ અને સંગ્રહાલય ખાતું

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com